# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-01-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ગુજરાત પ્રવાસ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. શ્રી મોદી સાંજે સોમનાથ પહોંચશે અને ઓમકાર મંત્રોના જાપમાં ભાગ લેશે. તેઓ સોમનાથ મંદિરમાં ડ્રોન શો પણ નિહાળશે. આવતીકાલે રવિવારે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિરની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા અસંખ્ય યોદ્ધાઓના સન્માનમાં આયોજિત શૌર્ય યાત્રામાં ભાગ લેશે. પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ ભાગ લેશે.આ ઉપરાંત શ્રી મોદી તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજકોટ,અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

**---------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીયમંત્રી-પ્રસારભારતી:

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને ગઈકાલે નવી દિલ્હીમાં ક્રિએટર્સ કોર્નરનો પ્રારંભ કરાવ્યો. પ્રસાર ભારતી દ્વારા શરૂ કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય ડિજિટલ મંચ પર સર્જનાત્મક સામગ્રી પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.કાર્યક્રમને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારનો ઉદ્દેશ્ય એક કરોડ યુવાનોને અર્થતંત્ર સાથે જોડવાનો છે.

**---------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીયમંત્રી-રાષ્ટ્રીય ખનીજ શિબિર:

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું, ભારતનો ખાણ ઉદ્યોગ ક્ષેત્ર 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો મજબૂત આધારસ્તંભ બનશે. ગઈકાલે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનીજ ચિંતન શિબિરને સંબોધતાં તેમણે કહ્યું, નીતિ સુધારાઓ અને ટેક્નોલૉજીના માધ્યમથી ભારત; આત્મનિર્ભર ખાણ ઉદ્યોગની શક્તિનો મૂળ સ્રોત બની રહ્યું છે.

આ શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાણ-ખનીજ ક્ષેત્રને દેશની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ ગણાવ્યો.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી-સ્પોર્ટ્સ ગવર્નન્સ કૉન્કલેવ:

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે “ખેલાડી કેન્દ્રીત” બની રહ્યો છે. ખેલાડીઓના હિતને સર્વોપરી રાખી શકાય તે માટે વર્ષોથી પડતર રહેલા સ્પૉર્ટ્સ ગવર્નન્સ બિલ દ્વારા મહામંડળોમાં પારદર્શકતા લવાશે.ગઈકાલે અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે યોજાયેલી સ્પૉર્ટ્સ ગવર્નન્સ કૉન્કલેવને સંબોધતાં શ્રી માંડવિયાએ કહ્યું, આગામી 10 વર્ષ માટે વિશેષ “મેડલ સ્ટ્રેટેજી એટલે કે, ચંદ્રક વ્યૂહરચના” તૈયાર કરવામાં આવી છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં આવેલી રમતગમતની ક્રાંતિનો ઉલ્લેખ કરતા કહ્યું, ખેલ મહાકુંભના કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે 73 લાખ ખેલાડીની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે.

---------------------------------------------------------------------------------------------------

## કરૂણા અભિયાન:

રાજ્યભરમાં આજથી કરૂણા અભિયાનનો પ્રારંભ થશે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે કહ્યું, ઉત્તરાયણના પર્વમાં ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓની સારવાર માટે આગામી 20 જાન્યુઆરી સુધી આ અભિયાન ચલાવાશે. દરમિયાન રાજ્યભરમાં કુલ 450 જેટલા

સંગ્રહ કેન્દ્ર, 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓની સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ રહેશે.

---

## કચ્છ-ધોળાવીરા-આંતરાષ્ટ્રીય પતંગોત્સવ:

ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ અને કચ્છ જીલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યના અન્ય સ્થળોની સાથે કચ્છના ઐતિહાસિક વિશ્વ વિરાસત ધોળાવીરા ખાતે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આજે આયોજન કરવામાં આવ્યુ છે. આ મહોત્સવમાં 18 દેશના 45 તથા 7 રાજ્યના 23 પતંગબાજ ભાગ લેશે. આ આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સાંસદ વિનોદ ચાવડા,કચ્છ વિસ્તારના ધારાસભ્યો,જીલ્લા પંચયાતના પ્રમુખ જનકસિંહ જાડેજા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

---

## કચ્છ-ધોળાવીરા-કલા ઉત્સવ:

વિશ્વ વિખ્યાત પ્રાગૈતિહાસિક વિરાસત ધોળાવીરા ખાતે આજે ક્રાફ્ટ ઓફ આર્ટ દ્વારા ધોળાવીરા ફેસ્ટિવલ-206નું આયોજન કરવામાં આવ્યુ છે. આ કલા ઉત્સવમાં વૈશ્વિક સંગીત સાથે કચ્છ તથા રાજસ્થાનના લોક સંગીત,લોકનૃત્ય અને તસવીર પ્રર્દશન યોજાશે.

આ અંગે ક્રાફ્ટ ઓફ આર્ટના સંયોજક બિરવા કુરેશીએ જણાવ્યુ હતું કે છેલ્લા 17 વર્ષથી દેશના અનેક ઐતિહાસિક સ્થળો પર સંગીત તથા કલાના વારસાને જીવંત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધોળાવીરા ફેસ્ટીવલ 2026માં વિશ્વ પ્રસિધ્ધ કલાકારો દ્વારા પ્રસ્તુતી કરવામાં આવશે. ધોળાવીરાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે આ ફેસ્ટિવલ એક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

---

## ક્રિકેટ:

મહિલા પ્રીમિયર લીગની પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ટીમને રસાકસી ભરી રીતે ત્રણ વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો હતો. મુંબઈની ટીમે 6 વિકેટ ના ભોગે 154 રન કર્યા હતા. જવાબમાં બેંગલોર ટીમે 7 વિકેટ ગુમાવી 157 રન કરી મેચ જીતી લીધી હતી. આજે બીજી મેચમાં ગુજરાત જાયન્ટસનો મુકાબલો યુ.પી. વોરિયર્સ ટીમ સામે થશે.

-----------------------------------------------------------------------------------------------

## હવામાન:

જીલ્લામાં શિયાળાએ પોતાની પકડ વધુ મજબુત બનાવી સમગ્ર જીવસૃષ્ટિ સહીત જનજીવન પર ભારે પ્રભાવ પાડ્યો છે. રાજ્યના શીત મથક નલિયા ખાતે છેલ્લા 24 કલાકમાં લઘુત્તમ તાપમાન સુચક પારો 4 ડિગ્રીથી વધુ નીચો ઉતરી જતાં લોકોએ હાડ થીજાવતી ઠંડીનો અનુભવ કર્યો હતો. ગઈકાલે નલિયા ખાતે લઘુત્તમ તાપમાન 4.8 ડિગ્રી જયારે જીલ્લા મથક ભુજમાં 11.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું.

-----------------------------------------------------------------------------------------------